ક્રિ.કે.નં.          /

**આંક–       લગત હુકમ**

આજ રોજ ફરિયાદ તરફે ફરિયાદીએ ફરિયાદ પરત ખેંચવા વિડ્રો પુરશીસ આપતાં હાલના અરજદાર રવિકુમારે અરજીમાં જણાવેલ વાંધા લીધેલ છે. પરંતુ કેસનું રેકર્ડ જોતા હાલની ફરિયાદ જનકકુમાર મહેન્દ્રભાઈ પટેલ સ્વર્નિમ કુડ પ્રા.લી. કંપનીના ડાયરેક્ટર તથા ઓથોરીટી/સત્તાની રૂઈએ દાખલ કરેલ છે અને ફરિયાદ સાથે તેઓએ કંપનીનો તમામ કાનુની કાર્યવાહી ચલાવવાનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે. જે ઓથોરીટી વંચાણે લેતાં રીઝોલ્યુશન પાસ કરી કંપનીની ક્રિમિનલ અને સિવિલ મેટરોની તમામ કાર્યવાહી ચલાવવાની તેઓને ઓથોરીટી/સત્તા આપવામાં આવેલ છે. આ રીઝોલ્યુશન રદ કરવામાં આવેલ છે તેવી અરજદાર રવિકુમારની રજુઆત નથી કે તે અંગે કોઈ આધાર આ કામે તેઓએ રજુ કરેલ નથી. કંપની તરફથી અરજદાર રવિકુમારને હાલની ફરિયાદ પરત ખેંચવા સામે વાંધો લેવાની સત્તા આપવામાં આવેલ હોય કે તેવું કોઈ રીઝોલ્યુશન કરવામાં આવેલ હોય તેવી કોઈ રજુઆત અરજદાર રવિકુમારની નથી કે તેઓએ આવુ કોઈ રીઝોલ્યુશન વાંધા સાથે રજુ કરેલ નથી અને તેથી અરજદાર રવિકુમારને ફરિયાદી જનકકુમાર મહેન્દ્રભાઈ પટેલને ફરિયાદ વિડ્રો કરવા સામે વાંધા લેવાની કોઈ લોક્સ સ્ટેન્ડી કે અધિકાર નથી. વધુમાં, હાલના ફરિયાદીએ કંપનીએ આપેલ ઓથોરીટીની રૂઈએ હાલની ફરિયાદ દાખલ કરેલ હોય તેમજ ફરિયાદ દાખલ કર્યા બાદ આજદીન સુધી તેની કાર્યવાહી ચલાવેલ હોય અને ઓથોરીટીની રૂઈએ હાલની ફરિયાદ પરત ખેંચતા હોય તેવા સંજોગોમાં અરજદાર રવિકુમારએ રજુ કરેલ વાંધા ધ્યાને લઈ શકાય નહી કારણ કે ઓથોરીટી લેટર મુજબ ફરિયાદને લગતી તમામ કાર્યવાહી કરવાની કંપની દ્વારા ફરિયાદી જનકકુમાર મહેન્દ્રભાઈ પટેલને સત્તા આપવામાં આવેલી હોય ફરિયાદી જનકકુમાર મહેન્દ્રકુમાર પટેલને ફરિયાદ પરત ખેંચવાનો અધિકાર છે તેમજ અરજદાર રવિકુમારને ફરિયાદી જનકકુમાર મહેન્દ્રભાઈ પટેલને ફરિયાદ વિડ્રો કરવા સામે વાંધા લેવાની ઉપર ચર્ચા કર્યા મુજબ કોઈ લોકસ સ્ટેન્ડી કે અધિકાર ન હોય અરજદાર રવિકુમારે ફરિયાદી જનકકુમાર મહેન્દ્રભાઈ પટેલ દ્વારા ફરિયાદ વિડ્રો કરવા સામે લીધેલા વાંધા ગ્રાહ્ય નઈ રાખી ફાઈલે કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ: ૧૪/૧૨/૨૦૨૪
અમદાવાદ (ગ્રામ્ય)

( કે.એન.નિમાવત )
૯માં એડી.સીવીલ જજ અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) નવરંગપુરા
જીજે૦૧૫૭૬